## ભટાર ફ્લાય ઓવરબ્રિજ ઉપર સ્ટીલની ગડર મુકાઈ



■ સુરતમાં મેટ્રો રેલ પ્રોજેક્ટનું કામ અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂક્યું છે. ભટાર ફ્લાય ઓવરબ્રિજ ઉપર આજે 34 મીટર લંબાઈનો સ્ટીલનો સ્પાન ગોઠવી દેવામાં આવ્યો છે. (તસવીરઃ હેમંત ડેરે)

# ચોરી કરવા દુકાનની નીચે તસ્કરોએ ગાબડું પાડ્યું

**આઇસક્રીમ** પાર્લરમાં ઘૂસેલા બે તસ્કરોની હરકત કેમેરામાં કેદ

**ઓળખ** છુપાવવા બંનેએ હુડી પહેરી હતી, એકની કમર પર ચપ્પુ લટકતું હતું

સુરત : ઉધના વિસ્તારમાં આવેલા આઈસ્ક્રીમ પાર્લરમાં બે તસ્કરો શટરની નીચેના ભાગે ગાબડું પાડીને ઘૂસી ગયા હતા અને ચોરીને અંજામ આપ્યો હતો.

ઉધના વિસ્તારના વેલકમ પાન સેન્ટરની બાજુમાં આવેલી 'ભોલેનાથ આઈસ્ક્રીમ'માં ચોરીનો બનાવ બન્યો હતો. બે તસ્કરોએ દુકાનની શટરની નીચેના ભાગે ગાબડું પાડ્યું હતું અને તેમાંથી સરકીને દુકાનમાં ઘૂસ્યા હતા. કેમેરામાં તેમની તમામ હરકત કેદ થઈ ગઈ હતી. ઓળખ છુપાવવા માટે તેમણે હૂડી પહેરી હતી. એક તસ્કરના હાથમાં ટોર્ચ હતી, જેના અજવાળે તે ગલ્લા અને ડ્રોઅરો ખોલી રોકડ અને કિંમતી સામાનની તપાસ કરતો હતો. જ્યારે બીજો તસ્કર વધુ ખતરનાક રીતે કમરના ભાગે મોટું ધારદાર ચપ્પુ લગાવીને ફરતો દેખાતો હતો. ચોનીને અંજામ આપીને બંને તસ્કરો ગાબડામાંથી બહાર નીકળી ગયા હતાં. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### તસ્કરો સળિયા વાળી નાંખી સાંકડી બારીમાંથી જરીના ખાતામાં ઘૂસ્યા

સુરતઃ પાંડેસરા આશાપુરી વિસ્તારમાં જરીના ખાતાને નિશાન બનાવી તસ્કરો લેપટોપ અને રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા છે. અલથાણ રઘુવીર સેફ્રોનમાં રહેતા તીર્થકુમાર શૈલેશભાઈ પટેલ (મૂળ - ઉણાવ, તાલુકો ઉંજા, જિ. મહેસાણા)નું પાંડેસરા આશાપુરી-૧ ઉમિયા રેસિડન્સીની ગલીમાં, બમરોલી રોડ પર જરીનું ખાતું છે. ગત ૨૦ ડિસેમ્બરે સાંજના આશરે છ વાગ્યાના સમયે તીર્થકુમાર ખાતું બંધ કરી પોતાના ઘરે જવા માટે નીકળી ગયા હતા. મંદી હોવાના કારણે તેઓ રવિવારના દિવસે ખાતું બંધ રાખતા હોય છે. જેનો લાભ લઈને અજાણ્યા તસ્કરોએ ખાતાને નિશાન બનાવ્યું હતુ. ૨૦/૧૨/૨૦૨૫ના સાંજે છ વાગ્યાથી લઈને ૨૨/૧૨/૨૦૨૫ના સવારના આઠ વાગ્યા દરમિયાન અજાણ્યા ઈસમોએ નજીકના સિદ્ધેશ્વરી સિન્થેટિક્સ ખાતાના પાછળની દીવાલ તરફની બારીના સળીયા વાળી નાંખી, સાંકડી બારી મારફતે ખાતામાં પ્રવેશ્યા હતા. તસ્કરોએ ઓફિસની કેબિનમાં ટેબલ ઉપર રાખેલ એચ.પી. કંપનીનું 15 હજારનું લેપટોપ, ઉપરાંત ટેબલના ખાનામાંથી 30 હજારની રોકડ સહિતની બેગ ચોરીને ફરાર થઈ ગયા હતા. પાંડેસરા પોલીસે તીર્થકુમાર પટેલની ફરિયાદના આધારે અજાણ્યા તસ્કરો સામે ચોરીનો ગુનો નોંધ્યો છે.

# વેસુ, ડુમસ, ખજોદ, ભીમરાડમાં 30મીએ પાણી કાપ

**અઠવા** ઝોનના વિવિધ વિસ્તારોની 3 લાખથી વધુ વસ્તી પાણીકાપની અસરમાં આવશે

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા પુરો પડાતો પાણી પુરવઠો અઠવા ઝોનના વિસ્તારોમાં 30મી ડિસેમ્બરે બંધ રહેશે. સરથાણા જળ વિતરણ મથકથી ઉધના ઝોન-એના ખટોદરા જળ વિતરણ મથક મારફતે અલથાણ, વેસુ તથા ડુમસ જળ વિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકી ભરતી રાઈઝીંગ લાઈનમાં વાલ્વ બદલવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી 30 ડિસેમ્બરે સવારે 9 વાગ્યાથી રાત્રી સુધી પૂર્ણ થાય ત્યાં સુધી ચાલનાર હોવાથી અઠવા ઝોનના વિવિધ જળ વિતરણ મથકોની અંડરગ્રાઉન્ડ ટાંકીઓ ભરી શકાશે નહીં. જેથી બુસ્ટીંગ તેમજ ઓવરહેડ ટાંકી મારફતે આપવામાં આવતો નિયમિત પાણી પુરવઠો અઠવા ઝોનમાં મોટાભાગના વિસ્તારોમાં બંધ રહેશે. અઠવા ઝોનની 3 લાખ વસતીને પાણીકાપની અસર થશે.

### આ વિસ્તારો પાણીકાપની અસરમાં આવશે

જી.ડી ગોએન્કા કેનાલ રોડ સુધીનો રત્નરાજ, હેગડેવાર, રોયલ પેરાડાઇઝ, સૂર્યા હેરિટેજ, ઇકો ગાર્ડન, ભરથાણા તથા કેનાલ રોડ વેસુ વિસ્તાર, સુમન શૈલ, વેસુ ગામતળ, શોમેશ્વરા ચોકડી, સુડાભવન, કૃષ્ણધામ, દેવદર્શન, સિદ્ધિ રો હાઉસ, રત્નજ્યોતિ, સોહમ હાઇટ્સ, ગૌતમ બુદ્ધનગર તથા આસપાસની સોસાયટીઓમાં પાણી પુરવઠો બંધ રહેશે. સુમન સાગર, હાઈટેક એવન્યુ, એલ એન્ડ ટી બેચલર હોસ્ટેલ, નંદની-૩, વાસ્તુગ્રામ ચોકડી, વેસુ, રૂંઢ, મગદલ્લા અને આસપાસના વિસ્તારો, વેસુમાં શ્યામ પેલેસ, શૃંગાર રેસિડન્સી, નંદની-1 અને 1, નંદનવન-3, સંગાથ રેસિડન્સી, સ્ટાર ગેલેક્સી, એલ એન્ડ ટી કોલોની, ઓએનજીસી ફેઝ-૨, ફોઈનિક્સ, ફ્લોરન્સ, ક્રિસ્ટલ પેલેસ તથા આસપાસનો વિસ્તાર, ગવીયર, ડુમસ, કાદી ફળિયા, સુલતાનાબાદ, ભીમપોર ગામતળ, સેટેલાઈટ બંગલો, અવધ યુટોપિયા, એરપોર્ટ અને આસપાસના વિસ્તારોમાં, અવધ કોપરસ્ટોન, અવધ કેરોલીના, વીકેન્ડ એડ્રેસ, મેરિયન રેસિડન્સી, અગ્રવાલ પ્રગતિ ટ્રસ્ટ અને તેની આજુબાજુના વિસ્તારો, ટી.પી. 43 (ભીમરાડ), ટી.પી. 42 (ભીમરાડ-સુડા), ડ્રીમ સિટી ખજોદ, ભીમરાડ ગામ, સરસાણા ગામ તેમજ ટી.પી. 36 (અલથાણ) અને ટી.પી. 37 (અલથાણ દક્ષિણ) ના વિસ્તારોમાં પાણી પુરવઠો અસરગ્રસ્ત રહેશે.

# સચિનમાં કામદાર પર હુમલાના કેસમાં છ આરોપીની ધરપકડ

**તલંગપુર** રોડની સોસાયટીમાં ધોળે દિવસે કામદાર પર 15-20ના ટોળાએ જૂની અદાવતમાં પાઈપ-લાકડીથી હુમલો કર્યો હતો

સુરતઃ સચિન GIDC તલંગપુર રોડની શીવાંજલી સોસાયટીમાં કામદાર પર પાઈપ અને લાકડીઓથી હુમલો કરનારા છ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા છે.

સચિન GIDCના તલંગપુર રોડ વિસ્તારમાં 22 ડિસેમ્બરે શીવાંજલી સોસાયટીમાં એક કામદાર યુવક પર 15થી 20 શખ્સોના ટોળાએ પાઈપ અને લાકડીઓથી હુમલો કર્યો હતો. આ ઘટનાના CCTV ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. સચિન GIDC પોલીસે CCTV ફૂટેજ, સ્થાનિક માહિતી અને સાક્ષીઓના નિવેદનના આધારે હુમલામાં સંડોવાયેલા છ આરોપીને ઝડપી પાડ્યા છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં અંકુર ઉર્ફે અંકુ જયરામ સિંઘ (ઉ.વ. 18), અનિશકુમાર સંજય યાદવ (ઉ.વ. 22), કૃષ્ણા ધનિકલાલ યાદવ (ઉ.વ. 24), પુરન નંદુ બારમેન (ઉ.વ. 18), અરવિંદ હરજુ અહેરવાર (ઉ.વ. 21) તથા સત્યપ્રકાશ ઉર્ફે અજય મુન્નાલાલ સવિતા (ઉ.વ. 22)નો સમાવેશ થાય છે.

તમામ આરોપીઓ સચિન GIDC વિસ્તારમાં રહેતા કામદારો હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસ મુજબ, પીડિત અને આરોપીઓ વચ્ચે અગાઉ હાથ અડી જવાની નાની ઘટનામાં બોલાચાલી થઈ હતી, જેનો ખાર રાખીને આરોપીઓએ બદલો લેવા માટે હુમલાનો પ્લાન ઘડ્યો હતો. યુવક એકલો મળતાં જ આરોપીઓએ તેની પર એકસાથે હુમલો કર્યો હતો.

## સાયબર ફ્રોડના કેસમાં આરોપીની જામીનઅરજી નામંજૂર

સુરતઃ સાયબર છેતરપિંડીના કેસમાં આરોપી કુરેશી સઈદ જુનેદની જામીનઅરજી એડિશનલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. સાયબર ક્રાઈમ પોલીસે માણસોને ભાડે રાખીને લાખો રૂપિયાની છેતરપિંડીના કેસમાં ઝાંપા બજારનાં આરોપી કુરેશી સઈદ જુનેદની ધરપકડ કરી હતી. આરોપીને ભાડે એકાઉન્ટ પૂરું પાડવા માટે સહઆરોપી પાસેથી રૂ. ૧૫,૦૦૦ મળતાં હતા. સાયબર છેતરપિંડી અંગે કથિત એકાઉન્ટ સામે ત્રણ અલગ અલગ ફરિયાદો નોંધાઈ હતી. પોલીસ તપાસમાં ૦૨/૧૨/૨૦૨૦થી ૧૧/૦૩/૨૦૨૫ દરમિયાન ૧૮,૦૧,૧૫૬ રૂપિયાનો વ્યવહાર ખૂલ્યો હતો. તેણે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બા આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

# વેસુના વિજય પાન હાઉસમાં નશાનો કાળો કારોબાર ઝડપાયો

**ઈ-સિગારેટ** તેમજ રોલિંગ પેપરનો 1.72નો મુદ્દામાલ જપ્ત

સુરતઃ એસઓજી પોલીસે વેસુ વિસ્તારમાં ઈ-સીગરેટ તથા રોલીંગ પેપરનું વેચાણ કરતા એક પાન દુકાનદારને ઝડપી પાડી રૂ.૧,૭૨,૭૦૦/- કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

એસઓજી PI પંડ્યાને મળેલી બાતમીના આધારે પીએસઆઈ એમ.ડી. સરવૈયાની ટીમે વેસુ મિલેનીયમ મની આર્કેડમાં દુકાન નં. જી/૦૬ 'વિજય પાન હાઉસ'માં રેઈડ કરી હતી. દુકાનમાંથી ગેરકાયદે રીતે વેચાણ માટે રાખવામાં આવેલી ઈ-સીગરેટ અને રોલીંગ પેપર મળી આવ્યા હતા. પોલીસે દુકાનના સંચાલક વિજય બાબા પ્રસાદ ચૌરાસીયા (ઉંમર ૪૦, રહે. ઘર નં. ૧૦૩, સ્વાગત રેસીડેન્સી, પાંડેસરા)ને ઝડપી લીધો હતો. પોલીસે દુકાનમાંથી ELFBAR કંપનીની વિવિધ ફ્લેવરની ઈ-સીગરેટ નંગ ૩૨ (કિંમત રૂ.૧,૬૦,૦૦૦/-), STASH-PRO કંપનીના નાના-મોટા રોલીંગ પેપર નંગ ૧૭ (કિંમત રૂ.૧,૭૦૦/-) તથા CAPTION GOGO કંપનીના રોલીંગ પેપર નંગ ૨૦ (કિંમત રૂ.૧,૦૦૦/-) મળી કુલ રૂ.૧,૭૨,૭૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મજૂરીકામ કરતા મોબાઈલ ચોરે મજૂરોના જ 22 ફોન ચોર્યા હતા

**ક્રાઈમ** બ્રાન્ચે રૂ.58 હજારના 7 મોબાઇલ સાથે રીઢા આરોપીને પાંડેસરાથી દબોચ્યો, પાલની કન્સ્ટ્રક્શન સાઈટ પરથી મજૂરોના 6 મોબાઈલ ચોર્યાની કબૂલાત

સુરતઃ પાંડેસરાથી શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કુલ 22 મોબાઈલ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા રીઢા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી પાલ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. આરોપી પાસેથી કુલ રૂ.58,000ની કિંમતના 7 મોબાઈલ જપ્ત કરવામાં આવ્યા છે.

ક્રાઈમ બ્રાન્ચે પાંડેસરાના સિધ્ધાર્થ નગરના આંબેડકર નગર નજીકથી મોબાઈલ ચોરીનો રીઢા આરોપી અસલમ ઉર્ફે પંચર સલીમ શેખ (ઉ.વ. 26)ને ઝડપી પાડ્યો હતો. આરોપી મજૂરી કામ કરતો હોવાનું અને હાલ રાંદેર બાપુનગર બોરડી વિસ્તારમાં રહેતો હતો.

આરોપી પાસેથી અલગ-અલગ કંપનીના કુલ 7 મોબાઈલ ફોન મળી આવ્યા હતા, જે તમામ પાલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં ચોરાયેલા હોવાનું સામે આવ્યું છે. ગત 22/12/2025ની રાત્રે આરોપીએ પાલ ગૌરવપથ રોડ પર કન્સ્ટ્રકશનની સાઈટ પરની મજૂર કોલોનીમાંથી પાંચ મજૂરના કુલ 6 મોબાઈલ ફોનની ચોરી કરી હતી. તે ઉપરાંત પાલ ગૌરવપથ પર આવેલા ડ્રીમ ફેસ્ટિવલ નજીક ખુલ્લા મેદાનમાં રહેતા મજૂરોના પડાવમાંથી એક મોબાઈલ ફોનની ચોરી કરી હતી. ચોરી કરેલા મોબાઈલ ફોન વેચવા માટે ગ્રાહક શોધતો હતો તે દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે આરોપીને ઝડપી પાડી પાડ્યો હતો.

## હજીરામાં માલ અનલોડ કર્યા બાદ ડ્રાઈવર ટ્રક લઈને ફરાર

સુરતઃ રાજસ્થાનથી હજીરાની કંપનીમાં માલ અનલોડ કર્યા બાદ ચાલક ટ્રક ટ્રક લઈને ફરાર થઈ ગયો હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

રાજસ્થાનના ટ્રાન્સપોર્ટર દાનીશ આલીમ આરીફ હુસૈનની ફરિયાદ મુજબ તેમને ત્યાં નોકરી કરતો ટ્રકચાલક ઉમેશ છોટેલાલ વર્મા (રહે. અલ્હાબાદ, ઉત્તર પ્રદેશ) 6 ડિસેમ્બરે રાજસ્થાનના ભિવાડીથી માલ લોડ કરી સુરત આવ્યો હતો. આ માલ મોરા ટેકરા ગામની કંપનીમાં અનલોડ કરી તેણે ટ્રક પરત ટ્રાન્સપોર્ટ ઓફિસમાં જમા કરાવવાની હતી, જો કે તેને બદલે તે ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો.

# કરોડોના સાયબર કાંડમાં સલીમ RTO, મીનાઝ સામેલ

**વાહનોની** લે-વેચના ઓથા હેઠળ સલીમ ઉર્ફે સમીર દુબઈમાં ચાઈનીઝ ગેંગને USDTથી ફ્રોડના નાણાં પહોંચાડતો

**મીનાઝ** આફ્રિકા, કેનેડા અને દુબઈ જેવા દેશોમાં ક્રિપ્ટો કરન્સી દ્વારા ગેરકાયદે હવાલાના વ્યવહારોમાં સામેલ

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં પેકર્સ એન્ડ મૂવર્સની આડમાં ચાલતા કરોડોના સાયબર ફ્રોડ અને હવાલા રેકેટમાં અત્યાર સુધી મુખ્ય આરોપી તરીકે સામે આવેલા પ્રતિક વસાવાના નેટવર્કમાં હવે લિંબાયતના બે નામચીન શખ્સોની એન્ટ્રી થતાં પોલીસ તપાસ વધુ ગંભીર બની છે.

પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે આ રેકેટના સૂત્રધાર પ્રતિક વસાવાએ લિંબાયતમાં રહેતા સલીમ ઉર્ફે સમીર આરટીઓ અબ્બાસ સૈયદને એક કરોડ રૂપિયાની રકમ આપી હતી. સલીમ દેખાવમાં વાહનોના લે-વેચના વ્યવસાય સાથે જોડાયેલો હતો, પરંતુ પડદા પાછળ તે દુબઈમાં બેઠેલી ચાઈનીઝ ગેંગ સુધી USDT મારફતે નાણાં પહોંચાડવાનું મહત્વનું કામ સંભાળતો હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ સાથે લિંબાયતના જ મીનાજ પટેલનું નામ પણ સામે આવ્યું છે, જે સુરત ઉપરાંત આફ્રિકા, કેનેડા અને દુબઈ જેવા દેશોમાં ક્રિપ્ટોકરન્સી દ્વારા ગેરકાયદે હવાલાના વ્યવહારો કરતો હોવાનું પોલીસનું માનવું છે. પ્રતિક વસાવા ભોળા લોકો પાસેથી છેતરપિંડીથી મેળવેલી રકમ વિવિધ કરંટ એકાઉન્ટમાં મંગાવતો હતો. તેમાંથી અંદાજે 20 ટકા કમિશન પોતે રાખી બાકીની રકમ સલીમ અને મીનાજ મારફતે ચાઈનીઝ ગેંગ સુધી પહોંચાડવામાં આવતી હતી. તપાસ એ દિશામાં પણ આગળ વધી રહી છે કે આ રેકેટનું કદ 200 કરોડ રૂપિયા સુધી પહોંચે તેવી શક્યતા છે. 32 વર્ષીય પ્રતિક વસાવા ડિંડોલીના ઉમિયામાતા મંદિર નજીક રહેતો હતો અને શરૂઆતમાં પોતાના ઘરેથી જ આ ગેરકાયદે નેટવર્ક ચલાવતો હતો. પોલીસથી બચવા માટે તેણે પોતાના ઘરની આસપાસ હાઈ-ટેક સીસીટીવી કેમેરાનો ગોઠવણ કરી રાખી હતી. છેલ્લા કેટલાક મહિનાઓમાં તેણે ગ્રીનવેલી વિસ્તારમાં દુકાનો ભાડે રાખી નેટવર્કને વિસ્તૃત કર્યું હતું. તપાસમાં એ પણ ખુલ્યું છે કે પ્રતિક સાત કાળી લક્ઝુરિયસ કારના કાફલા સાથે ફરતો અને પોતાનો રોફ જમાવતો હતો. તેના ભાઈના કેટલાક પોલીસ કર્મચારીઓ સાથે નજીકના સંબંધો હોવાનો દાવો કરીને તે વિસ્તારમાં દબદબો બનાવતો હોવાનું સૂત્રો જણાવે છે. પોલીસે અત્યાર સુધી એક લક્ઝુરિયસ કાર જપ્ત કરી છે અને અન્ય વાહનો અંગે તપાસ ચાલુ છે. પ્રતિક અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો હોવાનું રેકોર્ડ પરથી સામે આવ્યું છે. પોલીસ હવે સલીમ અને ફરાર મીનાજ પટેલ સુધી પહોંચવા માટે આંતરરાષ્ટ્રીય લેવલે તપાસ તેજ કરી છે.

### USDT મારફતે હવાલાનો નવો રસ્તો, લાંબો સમય પોલીસની નજરથી બચેલા રહ્યા

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ રેકેટ પરંપરાગત હવાલા પદ્ધતિથી આગળ વધી ક્રિપ્ટોકરન્સી USDTનો ઉપયોગ કરતું હતું. બેંક ખાતાઓમાં જમા થયેલી છેતરપિંડીની રકમ પહેલા USDTમાં ફેરવવામાં આવતી અને પછી વોલેટ-ટુ-વોલેટ ટ્રાન્સફર દ્વારા વિદેશી ગેંગ સુધી પહોંચાડવામાં આવતી હતી. આ પદ્ધતિમાં ટ્રાન્ઝેક્શન ટ્રેક કરવું મુશ્કેલ હોવાથી આરોપીઓ લાંબા સમય સુધી પોલીસની નજરમાંથી બચી ગયા હતા. પોલીસ હવે આ ડિજિટલ ટ્રાન્ઝેક્શનની ટેક્નિકલ વિગતો મેળવવા સાયબર નિષ્ણાતોની મદદ લઈ રહી છે.

## કરોડોના હવાલા કૌભાંડી વસાવા સાથે ડીંડોલી પોલીસના કર્મીઓની મહેફિલ?

**ડિંડોલીમાં** પોલીસ-માફિયાની મિલીભગતનો વિસ્ફોટ! હવાલા-ક્રિપ્ટો કાંડમાં શરાબ-કબાબના વિડિયો ફૂટેજે ખળભળાટ મચાવ્યો

સુરતઃ ડીંડોલી પોલીસ સ્ટેશન માટે વધુ એક શરમજનક પ્રકરણ સામે આવ્યું છે. ડીંડોલીમાંથી એસઓજીએ પકડેલા 200 કરોડના હવાલા-ક્રિપ્ટો કાંડના મુખ્ય આરોપી પ્રદીપ વસાવા સાથે ડીંડોલી પોલીસ સ્ટેશનના કેટલાક પોલીસકર્મીઓ શરાબ-કબાબની પાર્ટી કરતા હોવાના વીડિયો ફૂટેજ એસઓજીની તપાસમાં મળ્યા હોવાની ચર્ચાએ પોલીસ તંત્રમાં ખળભળાટ મચાવ્યો છે.

ચર્ચા મુજબ, હવાલા-ક્રિપ્ટો કાંડના સૂત્રધાર પ્રદીપ વસાવા સાથે ડીંડોલી પોલીસ સ્ટેશનના કેટલાક કર્મીઓનો પુરાવા તરીકે શરાબ અને કબાબની મહેફિલોના વીડિયો ફૂટેજ મળ્યા હોવાની વાતે સમગ્ર પોલીસ વિભાગને કટઘરામાં ઊભું કરી દીધું છે. આ ફૂટેજ મળ્યા બાદ તપાસ એજન્સીઓને 'પોલીસ જ આરોપીને બચાવી રહી હતી' તેવો મજબૂત સંકેત મળ્યા હોવાંની ચર્ચા છે. એટલું જ નહીં, હવાલાકાંડની ઓફિસ સાથે સંકળાયેલા માણસો સાથે ડીંડોલી પોલીસનો સ્ટાફ વોરન્ટની બજવણી કરવા જતો હોવાની ચર્ચાએ પણ ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. અહીં આરોપીઓના માણસો જ પોલીસ સાથે હાજર રહેતા હોવાની ચર્ચા છે, જે સમગ્ર કાર્યવાહી પર શંકાની છાયા ફેલાવે છે. આ મામલો માત્ર હવાલા-ક્રિપ્ટો કાંડ પૂરતો સીમિત નથી. ડીંડોલી પોલીસ સ્ટેશનથી માંડ દોઢ કિલોમીટર દૂર મંગલમ પાર્ક નજીક ગ્રીનવેલી બિલ્ડિંગમાં 'મૂવર્સ એન્ડ પેકર્સ'ની આડમાં છેલ્લા પાંચ વર્ષથી ચાલતો સાયબર ફ્રોડનો અડ્ડો પણ હવે ચર્ચાના કેન્દ્રમાં છે. અહીં ચાઈનીઝ સાયબર ગેંગને એકાઉન્ટ ભાડે આપી કરોડો રૂપિયાની ઠગાઈ કરાવવામાં આવતી હતી. ફ્રોડની રકમ વિવિધ ખાતાઓ મારફતે એકઠી કરી યુએસડીટી (ક્રિપ્ટો કરન્સી)માં કન્વર્ટ કરીને વિદેશ મોકલવામાં આવતી હતી. આશ્ચર્યજનક વાત એ છે કે આ ગેરકાયદે પ્રવૃત્તિ પોલીસ મથકની નજીક હોવા છતાં વર્ષો સુધી કોઈ કાર્યવાહી થઈ નહીં. સૂત્રધાર પ્રતીક વસાવાને પણ સ્થાનિક પોલીસ સાથે ઘરોબો હોવાની ચર્ચા છે, જેના જોરે તે બેરોકટોક ગોરખધંધો ચલાવતો રહ્યો.

હવે સૌથી મોટો સવાલ એ છે કે શું ડીંડોલીમાં કાયદાના રક્ષક જ ગુનેગારોના સહયોગી બન્યા હતા? ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ, સંડોવાયેલા પોલીસકર્મીઓ સામે કડક કાર્યવાહી અને સમગ્ર હવાલા-સાયબર નેટવર્કના નાણાંકીય ટ્રેઈલની ઊંડાણપૂર્વક તપાસ થાય તો જ સત્ય બહાર આવશે, નહિતર 'પોલીસની છાવરીમાં ફ્રોડ'ની ચર્ચા વધુ ઘેરી બનશે.

## સંક્ષિપ્ત સમાચાર

### મહિધરપુરા હેડ પોસ્ટ ઓફિસમાં SV પરમારના અધ્યક્ષ પદે પોસ્ટલ ફોરમની બેઠક યોજાઈ



સુરતઃ પોસ્ટલ ફોરમના સભ્યો માટે વર્ષના ૨૦૨૫ની ચતુર્થ બેઠક તા. ૨૩મીના મંગળવારે બપોરે ચાર કલાકે મહિધરપુરા હેડ પોસ્ટ ઓફિસમાં ઇન્ચાર્જ પોસ્ટ માસ્તર એસ. વી. પરમાર (મેનેજર)ના અધ્યક્ષપદે તથા ડેપ્યુટી પોસ્ટ માસ્ટર એસ એસ વાય પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં પોસ્ટ ફોરમના સભ્યો યુસુફ ગુજરાતી, કમલેશ પારેખ, રમેશ સરસિયા અને અહેમદી રંગવાલા હાજર રહ્યા હતા. સ્ટાફ મેહુલ ભુન્ડિયાએ ગત મીટીંગ ની મિનિટ વાંચી હતી. બેઠકમાં વિવિધ કાર્યક્રમો માટે સૂચનો રજૂ થતા પરમાર અને પટેલે સાનુકૂળ પ્રતિભાવ સાથે સૌનો આભાર માન્યો હતો.

### જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશનનું ૫૦મું કન્વેન્શન દિલ્હી ખાતે યોજાયુ



સુરત : જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનનું ૫૦મું ગોલ્ડન જ્યુબીલી જાયન્ટસ ઈન્ટરનેશનલ કન્વેન્શન-૨૦૨૫ દિલ્હી લિંક બાયપાસ રોડ ઉપર સ્થિત સરસ્વતી કુંડ પાસેના ટ્યૂલિપ રિસોર્ટ (મથુરા) મુકામે જાયન્ટસ ગ્રુપ ઓફ મથુરા મેઈનના યજમાનપદે યોજાયેલ વાર્ષિક અધિવેશનમાં જા. વે. ફા. ફેડ. ૩એના મહાનુભાવો જા. વે. ફા.ના સેન્ટ્રલ કમીટી સભ્યો શ્રી અનિલ દલાલ અને શ્રી ઘનશ્યામ પટેલ; સ્પે. કમીટી સભ્યો શ્રી અશોક બારોટ, શ્રી કમલેશ પારેખ, શ્રી વિજય પટેલ (વતી શ્રી રાજુ શાહ) તથા સ્પે. ઓફિસર શ્રી રાજેશ શર્મા તથા ફેડરેશન ૩એના પ્રમુખ અનિલ રાવલનું અભિવાદન કરી મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો

### કોન્સેપ્ટ મેડિકલ ગ્રુપ દ્વારા CII સધર્ન ગુજરાત ડેલિગેશનનું આયોજન



સુરત. કોન્સેપ્ટ મેડિકલ ગ્રુપ એ તેના એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ વિભાગ એન્વિઝન સાયન્ટિફિક પ્રાઇવેટ લિમિટેડ મારફતે Confederation of Indian Industry (CII) ના સધર્ન ગુજરાત ઝોનના ઉચ્ચસ્તરીય ઉદ્યોગ પ્રતિનિધિમંડળનું સુરત સ્પેશિયલ ઇકોનોમિક ઝોન સ્થિત એન્વિઝન સાયન્ટિફિક સુવિધા ખાતે આયોજન કર્યું હતું. આ મુલાકાત "મેન્યુફેક્ચરિંગ ઇનોવેશન એક્સેલન્સ" વિષયક વિશેષ સ્ટડી મિશનના ભાગરૂપે યોજાઈ હતી. આ પ્રસંગે CII સધર્ન ગુજરાત ઝોનલ કાઉન્સિલના ચેરમેન શ્રી હેતુલ મહેતાએ જણાવ્યું હતું કે, કોન્સેપ્ટ મેડિકલ ગ્રુપ અને એન્વિઝન સાયન્ટિફિક મેન્યુફેક્ચરિંગ ઇનોવેશનમાં નવા ધોરણો સ્થાપિત કરતી સંસ્થા તરીકે ઉભરી આવ્યા છે. આ દરમિયાન કોન્સેપ્ટ મેડિકલ ગ્રુપના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર ડો. મનિષ દોશી સાથે સમુહ સંવાદ કરવામાં આવ્યો હતો.

### શ્રી મોઢ પટણી સમાજ ટ્રસ્ટના ઉપક્રમે રવિવારે બ્લડ કેમ્પ

શ્રી મોઢ પટણી સમાજ ટ્રસ્ટ, શ્રી મોઢ પટણી સાર્વજનિક ધર્માદા ટ્રસ્ટ તેમજ શ્રી મોઢ પટણી કો.ઓ.ક્રેડિટ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રવિવારે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત શહેર રક્તદાન કેન્દ્રના સહયોગથી 28 ડિસેમ્બરના રોજ રવિવારે આ કેમ્પ યોજાશે. બહુલાબાગ મોઢ પટણી સમાજની વાડી, હરીપુરા પીરછડી રોડ ખાતે સવારે 10થી 2 કલાક દરમિયાન યોજાનારી આ શિબિરમાં દરેક રક્તદાતાઓને સ્મૃતિ ભેંટ આપવામાં આવશે.

### ગુજરાત ગ્લોબલ એક્સ્પો 2025માં કૃભકોની સહભાગીતા



સુરતઃ કૃભકોએ 22 થી 24 ડિસેમ્બર, 2025 દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે યોજાયેલા 'ગુજરાત ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫ માં ભાગ લીધો હતો. કૃભકો સ્ટોલનું ઉદ્ઘાટન કૃભકો હજીરા પ્લાન્ટ, સુરતના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર (ઓપરેશન્સ) પી. ચંદ્ર મોહન દ્વારા, સુનિલ ગૌર, જેજીએમ (એચઆર) અને કૃભકોના અન્ય વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કૃભકોના ઉત્પાદનો તેમજ તેની વિવિધ સામાજિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી હતી. કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ માટે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતાઓને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું અને પ્રમોશનલ પ્રવૃત્તિઓના ભાગરૂપે બેગ, મીઠાઈ અને સરપ્રાઈઝ ગિફ્ટ જેવી વસ્તુઓ આપવામાં આવી હતી.

### સાયબર ક્રાઈમ વિશે અવેરનેસ સેમિનારનું આયોજન



સુરતઃ સાયબર ક્રાઈમ અવેરનેસ શ્રેણીનો ૮મો સત્ર લાયન યોગેશભાઈ દેસાઈ, જિલ્લા સંયોજક - સાયબર ક્રાઈમ અવેરનેસ દ્વારા, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ, દક્ષિણ ગુજરાત ચર્ચાપત્રી સંઘ અને એસ.એમ.સી. પેન્શનર્સ એસોસિએશનના સહયોગથી સફળતાપૂર્વક યોજાયો. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન લાયન પરાગ ગાંધી, સુનિલભાઈ શાહ અને સમીર વ્યાસે કર્યું. મુખ્ય વકતા પોલીસ ઈન્સ્પેક્ટર ડી. વી. ગામિત, સાયબર ક્રાઈમ સેલ, સુરત પોલીસ દ્વારા ઓનલાઈન સુરક્ષા અને ઠગાઈ નિવારણ અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું. ૧૪૦થી વધુ ઉપસ્થિતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ચર્ચામાં જોડાયા. સભાનું સંચાલન લાયન દિપક દલાલે કર્યું હતું.

### પાલ અન્નપૂર્ણા મંદિરે 'સવા લાખ દત્ત બાવની' ગાનનું ભવ્ય આયોજન

સુરતઃ શહેરના પાલ સ્થિત મા અન્નપૂર્ણા મંદિરે આગામી તા. 28મીના રવિવારે બપોરે 3 વાગ્યાથી 'સવા લાખ દત્ત બાવની'ના સમૂહ ગાનનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. આ અવસરે નારેશ્વરથી ખાસ શ્રી રંગપાદુકાની પધરામણી કરવામાં આવશે. કાર્યક્રમની વિગતો આપતા ટ્રસ્ટી નિતીનભાઈ મહેતાએ જણાવ્યું હતું કે નારેશ્વરના નાથ શ્રી રંગ અવધૂત મહારાજ લિખિત દત્ત બાવનીના સમૂહગાનનો આ પ્રસંગ ઐતિહાસિક બની રહેશે. કારણકે 2500થી વધુ શ્રીરંગ ભક્તો આ પ્રસંગે ઉપસ્થિત રહી દત્ત બાવનીના સમૂહગાનમાં જોડાશે. આટલા ઓછા કલાકમાં સવા લાખ દત્ત બાવનીનું ગાન એકદિન સાધ્ય પ્રયોગ તરીકે વિસ્મરણીય બની રહેશે. જાણીતા ગાયક શ્રી યોગેશભાઈ જરીવાલા અને સંકીર્તન પરિવાર દ્વારા દત્ત બાવનીનું સંગીતમય ગાન પીરસવામાં આવશે. દત્ત બાવનીના ગાન બાદ તમામ ભક્તો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.